# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: શીતલ વૈશ્નવ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૨૮-૧૦-૨૦૨૪ સોમવાર સમય : સવારે ૬:૪૫ કલાકે

---

## પીએમ-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાઇબર ક્રાઇમ ડિજીટલ અરેસ્ટને લઈને ચિંતા વ્યક્ત કરી છે. ગઈકાલે આકાશવાણી પરથી પ્રસારિત 'મન કી બાત' કાર્યક્રમમાં તેમણે કહ્યું કે કાયદાકીય રીતે કોઈને પણ ડિજીટલી અરેસ્ટ કરી શકાતા નથી. વધુમાં તેમણે ઉમેર્યું  કે ડિજીટલ અરેસ્ટના નામ પર થઈ રહેલા કૌભાંડોને રોકવા માટે તમામ એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે.

પ્રધાનમંત્રીએ ડિજીટલ સુરક્ષા  માટે ત્રણ ઉપાયો - રોકાઓ, વિચારો અને કરો - ની  ચર્ચા કરી. તેમણે આવી સ્થિતિમાં શાંત રહેવાની તેમજ વ્યક્તિગત માહિતી કોઈ સાથે શેર  ન કરવા માટેની સલાહ આપી. સાથે જ સાઇબર હેલ્પલાઇન નંબર  1930 ડાયલ કરવા તેમજ સાઇબર ક્રાઇમ ડોટ જીઓવી ડોટ ઇન પર જાણ કરવાની સલાહ આપી.

શ્રી મોદીએ વિશ્વ એનિમેશન  દિવસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ભારત એનિમેશનની દુનિયામાં નવી ક્રાંતિ તરફ આગળ વધી  રહ્યું છે. તેમણે છોટા ભીમ , ઢોલક પુર ઢોલ , કૃષ્ણા, હનુમાન અને મોટુ  – પતલુ કાર્ટૂન વિશે વાત કરતા જણાવ્યું કે દુનિયાભરમાં આ  કર્ટૂન્સના પ્રશંસકો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગેમિંગની દુનિયામાં ભારતની  લોકપ્રિયતા વિશે પણ વાત કરી.

તેમણે ઉમેર્યું કે એનિમેશનની સાથે વર્તાકાર , લેખકો, સારા અવાજ વાળા સંગીતકાર , ગેમ ડેવલપર, વીઆર અને એઆર નિષ્ણાતોની માગ વધી રહી છે. શ્રી મોદીએ યુવાનોને પોતાની સર્જાનાત્મકતાને વિસ્તારવાની અપીલ કરી.

પ્રધાનમંત્રીએ આત્મનિર્ભર ભારત અભિયાનની સફળતા અંગે પ્રસન્નતા વ્યક્ત કરી. તેમણે તહેવારોના સમયને જોતા વોકલ ફોર લૉકલના મંત્રને ધ્યાનમાં રાખવાની અપીલ કરી.

કાર્યક્રમમાં શ્રી મોદીએ કેલીગ્રાફીનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે આજકાલ જમ્મૂ કાશ્મીરમાં સ્થાનિક સંસ્કૃતિને લોકપ્રિય બનાવવા માટે કેલીગ્રાફીનો પ્રયોગ કરાઈ રહ્યો છે.

મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ફીટ ઇન્ડિયા વિશે વાત કરતા જણાવ્યું કે ફિટ ઇન્ડિયાની ભાવના હવે લોક આંદોલન બની ગઈ છે. શ્રી મોદીએ આ દિવાળી પ્રસંગે 31

ઑક્ટોબરના રોજ સરદાર પટેલ જયંતિનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કાર્યક્રમને અંતે દેશના નાગરિકોને ધનતેરસ, દિવાળી, છઠ પૂજા અને ગુરુનાનક જયંતીની શુભેચ્છા પાઠવી.

- (RNU અમદાવાદ)

---

## પીએમ-એર ક્રાફ્ટ કોમ્પ્લેક્ષનું ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ આજ રોજ વડોદરામાં સી-295 એરક્રાફ્ટ કોમ્પલેક્ષનું ઉદઘાટન કરશે. સી-295 પ્રોગ્રામ હેઠળ કુલ 56 એરક્રાફ્ટ છે. જેમાંથી 16 વિમાન સીધા સ્પેનથી એરબસ દ્વારા પહોંચાડવામાં આવી રહ્યા છે. અને બાકીના 40 એરક્રાફ્ટ ભારતમાં બનશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓકટોબર 2022માં વડોદરામાં ફાઇનલ એસેમ્બલી લાઇનનો શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રી મોદી આજે વડોદરાથી બપોરે અમરેલીના દૂધાળામાં ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે.

આ ઉપરાંત પીએમ અમરેલીથી ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પરિયોજના દેશને સમર્પિત કરવાની સાથે 4800 કરોડથી વધુનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

- (RNU અમદાવાદ)

---

## ગુજરાત વિદ્યાપીઠ-ગ્રામજીવન પદયાત્રા:

ગૂજરાત વિદ્યાપીઠ દર વર્ષે ગ્રામજીવન યાત્રા અને પદયાત્રાનું આયોજન કરે છે. જેમાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમગ્ર ગુજરાતના જુદા જુદા જિલ્લાના ગામોમાં પ્રત્યક્ષ રીતે ગામની મુલાકાત કરે છે. તેમજ ગામ જીવન સમજે છે અને મહાત્મા ગાંધીનો સંદેશો લોકો સુધી પહોંચાડે છે.

જેના અનુસંધાને તારીખ 21થી 26 ઓક્ટોબર દરમિયાન વિદ્યાપીઠના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા ગ્રામજીવન પદયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં સમગ્ર ગુજરાતના 18000 ગામોમાં ગ્રામજીવન પદયાત્રા હેઠળ જુદા જુદા ગામોની મુલાકાત લીધી હતી.

આ ગ્રામજીવન યાત્રામાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગના શિક્ષકો અને વિદ્યાર્થીઓ કચ્છ જિલ્લાના 10 તાલુકા અને ગામોમાં પદયાત્રા હેઠળ મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક ખેતી અંગેની માહિતી લોકો સુધી પહોંચાડી હતી.

- (NP, શીતલ વૈષ્ણવ)

---

## દિવાળી-નાઈટ કોમ્બિંગની કાર્યવાહી:

દિવાળીના પાવન પર્વની ઉજવણી ને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જિલ્લા મથક ભુજ સાથે વિભાગના તમામ તાલુકા મથકોએ નાઈટ કોમ્બિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. પોલીસ કાર્યવાહીમાં રાત્રિ દરમિયાન નીકળતા લોકોની પૂછપરછ સાથે ગેરકાયદે પ્રવૃત્તિ કરતા કે કાયદાનું ઉલ્લંઘન કરતા ઈસમો સામે કાયદેસરની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આજ પ્રકારની રાત્રિ પોલીસ તપાસ આગળ પણ યથાવત રહેશે એવું પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સુડાએ જણાવ્યું હતું.

દરમિયાન ભુજ શહેરના વીજ કચેરી નજીકના જાહેર માર્ગે પણ રાત્રિ કોમ્બિંગની કામગીરી હાથ ધરાઈ હતી.જ્યારે મુન્દ્રા શહેરના પોર્ટ રોડ , ઝીરો પોઇન્ટ, શક્તિ નગર સહિતના વિસ્તારમાં પોલીસે ગેર પ્રવૃતિ સાથે સંકળાયેલા ઈસમોની તપાસ કરી હતી , 10 જેટલી ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો સામેં કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

- (NP, શીતલ વૈષ્ણવ)

---